## સંક્ષિપ્ત સમાચાર

### કુરાઈમાં કન્યા કેળવણી અને નૂતન શાળા સંકુલનો શિલાન્યાસ: શિક્ષણના નવયુગનો પ્રારંભ



**કરજણ :** ગુજરાત સરકાર દ્વારા રાજ્યભરમાં શિક્ષણના દીપ પ્રગટાવવાના ભગીરથ પ્રયાસો અંતર્ગત, તારીખ 23 થી 25 દરમિયાન કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે, કરજણ તાલુકાના કુરાઈ ગામ ખાતે આવેલી પ્રાથમિક શાળામાં એક અવિસ્મરણીય કાર્યક્રમ યોજાયો, જેણે શિક્ષણના ક્ષેત્રે એક નવો અધ્યાય શરૂ કર્યો. આ શુભ પ્રસંગે, બાલવાડીના 19 જેટલા કુમળા બાળકોને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો, જે તેમના ઉજ્જવળ ભવિષ્યનો પાયો નાખશે. કરજણના ધારાસભ્ય શ્રી અક્ષય પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં, ગામના ઉદાર દાતાઓએ બાળકોને શિક્ષણ માટે ઉપયોગી કીટનું વિતરણ કરીને તેમની ઉદારતા અને સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.

### ડભોઇ નગરપાલિકામાં સ્વચ્છતા અને ઘન કચરા વ્યવસ્થાપનને લઈ મહત્વની બેઠક યોજાઈ



**ડભોઇ :** સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સમાં થયેલા નવા ફેરફારો અંગે ચીફ ઓફિસર જય કિશન તડવીના અધ્યક્ષસ્થાને માર્ગદર્શન અપાયું. ડભોઇ નગરપાલિકા ખાતે આજ રોજ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ઘન કચરા વ્યવસ્થાપનને લઈ મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક ચીફ ઓફિસર જય કિશન તડવીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.બેઠકમાં નગરપાલિકા પ્રમુખ પુષ્પાબેન રાવલ, ઉપપ્રમુખ નૂર મોહમ્મદ મહોડાવાલા, કારોબારી સમિતિના ચેરમેન અફઝલ કાબાવાલા, નગરપાલિકાના કર્મચારીઓ તેમજ ચૂંટાયેલા કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રી શાસ્ત્રી વિદ્યાલય શિથોલ ખાતે શાળા પ્રવેશોત્સવ રંગેચંગે યોજાયો

**છોટાઉદેપુર :** રાજ્ય સરકાર દ્વારા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના ભાગરૂપે કોઈપણ દીકરો કે દીકરી શિક્ષણથી વંચિત ન રહે તે હેતુસર સમગ્ર રાજ્યમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ જ અભિયાન અંતર્ગત આજે શ્રી શાસ્ત્રી વિદ્યાલય, શિથોલ ખાતે શાળા પ્રવેશોત્સવનું ભવ્ય અને રંગેચંગે આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ માર્ગ અને મકાન વિભાગના ઉપ સચિવ શ્રી આર.બી. વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ રણજીતસિંહ રાઠવા, સરપંચ ઉદેશીંગ રાઠવા, ગ્રામજનો, વાલીઓ, શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ધોરણ ૯ અને ધોરણ 11માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક કરીને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ અને જરૂરી શૈક્ષણિક સામગ્રી અર્પણ કરી તેમને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. મહાનુભાવોએ પોતાના સંબોધનમાં શિક્ષણના મહત્વ પર ભાર મૂકતાં વિદ્યાર્થીઓને નિયમિત અભ્યાસ કરીને ઉજ્જવળ ભવિષ્ય ઘડવા માટે પ્રેરણા આપી હતી. કાર્યક્રમ ના અંત માં શાળા પરિસર માં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વૃક્ષા રોપણ કરી પ્રકૃતિ નું સંવર્ધન કરવામાં આવ્યું હતું.

### કરજણ પોલીસ મથકમાં મોહરમ પર્વ નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ



**કરજણ :** કરજણ શહેરમાં આગામી તા. 25 અને 26ના રોજ ઉજવાનાર મુસ્લિમ સમાજના પવિત્ર મોહરમ પર્વને શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉજવવાના હેતુથી કરજણ પોલીસ મથક ખાતે શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક ડીવાયએસપી તેમજ કરજણ પોલીસ ઇન્સ્પેક્ટર બી. એમ. પટેલની અધ્યક્ષતામાં યોજાઈ હતી, જેમાં તાજિયા કમિટીના આયોજકો, નગરના આગેવાનો અને સમાજના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન અધિકારીઓએ મોહરમ પર્વ કોમી એકતા, ભાઈચારા અને શાંતિના માહોલમાં ઉજવાય તે માટે વિશેષ અનુરોધ કર્યો હતો.

### પાદરા જેસીસ જાનકી વલ્લભ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી



**પાદરા :** પાદરા સ્થિત પીએમશ્રી જેસીસ જાનકી વલ્લભ પ્રાથમિક શાળામાં નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત નિમિત્તે પ્રવેશોત્સવ કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં પાદરા નગરપાલિકાના પ્રમુખ દિપેશભાઈ પંચાલ, ચીફ ઓફિસર સંજય પટેલ, કારોબારી ચેરમેન સંતોષ પટેલ, સભ્ય નિશાબેન ગાંધી તેમજ માજી પ્રમુખ પરેશભાઈ ગાંધી, સંજય પટેલ અગરબત્તીવાળા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય અને વૃક્ષારોપણથી કરવામાં આવી હતી. ત્યારબાદ નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું તિલક કરી શાળા બેગ અને શૈક્ષણિક કીટ અર્પણ કરીને તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન શાળામાં કુલ ૩૭ વિદ્યાર્થીઓએ નવા પ્રવેશ મેળવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ, નિયમિત અભ્યાસ, સ્વચ્છતા અને સારા સંસ્કારોના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

---

RTIની આડમાં ધમકી આપી ખંડણી માંગવાના ગુનામાં કોર્ટે સંભળાવ્યો ચુકાદો

# ખંડણી કેસમાં નિવૃત ફોરેસ્ટ અધિકારી મહેશ શાહને ૩ વર્ષની સાદી કેદ

**ફટાકડાની** દુકાનદાર પાસેથી રૂ.55 હજાર પડાવ્યા, આતંકવાદી પ્રવૃત્તિમાં ફસાવવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાના ગુનામા કોર્ટનો ચુકાદો

(પ્રતિનિધિ) કરજણ, તા.24

વડોદરા જિલ્લાના કરજણમાં RTIની આડમાં વેપારીને ધમકાવી ખંડણી ઉઘરાવવાના કેસમાં કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કરજણના રહેવાસી નિવૃત ફોરેસ્ટ





અધિકારી મહેશકુમાર રમણલાલ શાહને ખંડણી અને ધમકીના ગુનામાં દોષિત ઠેરવી ચાર વર્ષની સાદી કેદ અને રૂ.20 હજાર દંડની સજા ફટકારવામાં આવી છે.

કોર્ટમાં રજૂ થયેલી હકીકતો અનુસાર, કરજણના નવા બજાર વિસ્તારમાં શ્રીજી ક્રેકર્સ નામની ફટાકડાની દુકાન ચલાવતા ભીખાભાઈ બલદેવભાઈ ઠાકરડાને આરોપી મહેશ શાહે વર્ષ 2013થી 2017 દરમિયાન વિવિધ અરજીઓ અને RTIની કાર્યવાહીનો આધાર લઈને પરેશાન કર્યા હતા. વેપારી વિરુદ્ધ ખોટી ફરિયાદો અને અરજીઓની પતાવટ કરાવવા માટે આરોપીએ રૂ.55 હજાર બળજબરીપૂર્વક પડાવ્યા હતા. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે આરોપી તડીપાર કાર્યવાહી માટે વેપારીને જવાબદાર ગણતો હતો અને ચાર લાખ રૂપિયાનો ખર્ચ થયો હોવાનું કહી રકમની માંગણી કરતો હતો. એટલું જ નહીં, તેમને આતંકવાદી પ્રવૃત્તિમાં ફસાવી દેવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. સરકારી વકીલે દલીલ કરી હતી કે આરોપી RTI કાયદાની આડમાં લોકો અને અધિકારીઓને હેરાન કરીને નાણા પડાવવાની વૃત્તિ ધરાવે છે. સાક્ષીઓ અને પુરાવાના આધારે કોર્ટે ભારતીય દંડ સંહિતાની કલમ 384 હેઠળ એક વર્ષની સાદી કેદ તથા કલમ 389 હેઠળ ત્રણ વર્ષની સાદી કેદ અને રૂ.20 હજાર દંડની સજા ફટકારી છે. આરોપીએ રૂ.10 હજાર વેપારીને વળતરરૂપે ચૂકવવાનો પણ કોર્ટે હુકમ કર્યો છે.

# શિનોરના મોટા ફોફળીયા ગામે વાડામાં આગ

(પ્રતિનિધિ) શિનોર, તા.24

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના મોટા ફોફળીયા ગામના ડૉ. આંબેડકર ફળિયા વિસ્તારમાં મોડી રાત્રે એક વાડામાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. આગ લાગતા વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગતરોજ રાત્રે આશરે 10 વાગ્યાના અરસામાં ડૉ.આંબેડકર ફળિયામાં રહેણાંક મકાનના પાછળના ભાગે આવેલા વાડામાં અગમ્ય કારણોસર આગ ભભૂકી ઊઠી હતી. આગ લાગતાની સાથે જ સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને આગને કાબૂમાં લેવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

સ્થાનિકોના જણાવ્યા મુજબ



ઘટનાની જાણ કરજણ તથા ડભોઈ ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી, પરંતુ ફાયર વિભાગની કોઈ ટીમ ઘટના સ્થળે પહોંચી ન હતી. જેના કારણે ગ્રામજનોએ પોતાની રીતે પાણીનો મારો ચલાવી અને અન્ય સાધનોની મદદથી આગ પર કાબૂ મેળવ્યો હતો.

સ્થાનિક લોકોની સતર્કતા અને સમયસરની કામગીરીને કારણે આગ વધુ ફેલાતી અટકાવી શકાય હતી અને કોઈ જાનહાનિ કે ઈજાગ્રસ્ત થવાની ઘટના બની ન હતી.

---

વર્ષોથી રેશનકાર્ડથી વંચિત લોકોને સરકારી યોજનાઓનો મળ્યો લાભ

# પાલેજમાં રેશનકાર્ડથી વંચિત પરિવારોને મળ્યો ન્યાય, મામલતદારની ત્વરિત કામગીરી

(પ્રતિનિધિ) કરજણ, તા.24

ભરૂચ તાલુકાના પાલેજ ગામમાં, વર્ષોથી વસવાટ કરતા અને મજૂરી કરીને જીવનનિર્વાહ કરતા કચ્છી ભાડૂતો તેમજ અન્ય ગરીબ અને મધ્યમવર્ગના લોકો માટે રેશનકાર્ડ એક અનિવાર્ય જરૂરિયાત છે. આ રેશનકાર્ડ વિના, તેઓ સરકારી યોજનાઓના લાભોથી વંચિત રહે છે અને જીવન નિર્વાહમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરે છે. આવા વંચિતોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે ભરૂચ તાલુકા મામલતદાર માધવીબેન મિસ્ત્રીએ જે પ્રસંશનીય કામગીરી કરી છે, તે ખરેખર પ્રશંસાને પાત્ર છે.

ગત રોજ, પાલેજ ગ્રામ પંચાયતની મુલાકાતે આવેલા તાલુકા મામલતદાર માધવીબેન



મિસ્ત્રી સમક્ષ પાલેજ ગ્રામ પંચાયતના ઈન-ચાર્જ સરપંચ શબ્બીર પઠાણે કચ્છી ભાડૂતો અને અન્ય જરૂરિયાતમંદોને રેશનકાર્ડ મળે તે માટે રજૂઆત કરી હતી. સરપંચની આ રજૂઆતને મામલતદારશ્રીએ ગંભીરતાથી લીધી અને ત્વરિત કાર્યવાહી હાથ ધરી. તેમની આ સંવેદનશીલતા અને કાર્યદક્ષતાના પરિણામે, બીજા જ દિવસે, એટલે કે બુધવારના રોજ, મામલતદાર માધવીબેન મિસ્ત્રીએ ભરૂચથી એક વિશેષ ટીમ પાલેજ ગ્રામ પંચાયત કચેરી ખાતે મોકલી.

આ ટીમનો મુખ્ય ઉદ્દેશ્ય કચ્છી ભાડૂતો સહિત પાલેજ ગામના ગરીબ અને મધ્યમવર્ગના લોકોને સ્થળ પર જ રેશનકાર્ડ બનાવી આપવાનો હતો. આ સમાચાર મળતા જ, મીર સમાજના લોકો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો પોતાના આધાર પુરાવા સાથે ઉપસ્થિત રહ્યા હતા. તેઓને આશા હતી કે વર્ષોથી જે સુવિધાથી તેઓ વંચિત હતા, તે હવે તેમને પ્રાપ્ત થશે. આ કાર્યક્રમમાં પાલેજ ગામની રેશનીંગ દુકાનોના સંચાલકો તેમજ તલાટી કમ મંત્રી સ્વરાજભાઈ પી. પટેલ અને ઘનશ્યામ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે આ પ્રક્રિયાને સુચારુ બનાવવા માટે સહયોગ આપ્યો હતો.

# સાંસરોદ-નારેશ્વર માર્ગ બન્યો જીવલેણ, ખાડાઓથી વાહનચાલકો ત્રાહિમામ

**ભંગાર માર્ગે** જીવના જોખમે મુસાફરી, વિદ્યાર્થીઓ સહિત હજારો લોકો પરેશાન

(પ્રતિનિધિ) કરજણ, તા.25

રાષ્ટ્રીય ધોરીમાર્ગ/૪૮ સાથે સંકળાયેલો, સાંસરોદથી નારેશ્વર સુધીનો વ્યસ્ત માર્ગ આજે વાહનચાલકો અને સ્થાનિકો માટે એક જીવલેણ પડકાર બની ગયો છે. પીક અવર્સમાં વાહનોની સતત અવરજવરથી ધમધમતો આ માર્ગ, અત્યારે અનેક મોટા ખાડાઓ અને ભંગાર અવસ્થામાં જોવા મળે છે. સાંસરોદ નજીક આવેલી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ આ માર્ગ પરથી પસાર થતી વખતે જાણે જીવના જોખમે મુસાફરી કરી રહ્યા હોય તેવું અનુભવી રહ્યા છે.



આ માર્ગની દુર્દશાનું મુખ્ય કારણ છે "માતેલા સાંઢ"ની જેમ રાત-દિવસ ભીની રેતી ઓવરલોડ ભરીને પસાર થતા ભારદારી વાહનો. આ વાહનોના અવિરત અને બેફામ પરિવહને માર્ગના પાયાને હચમચાવી દીધા છે, જેના પરિણામે રોડ પર ઠેર ઠેર મોટા ખાડા પડી ગયા છે. આ ખાડાઓ એટલા ઊંડા અને વિશાળ છે કે નાના વાહનો માટે તેમાંથી પસાર થવું અત્યંત મુશ્કેલ અને જોખમી બની ગયું છે. સ્થાનિક વાહનચાલકોમાં એક ગંભીર ભીતિ પ્રવર્તી રહી છે કે જો ચોમાસું શરૂ થતાં પહેલાં આ માર્ગનું સમારકામ નહીં થાય, તો વરસાદી પાણી આ ખાડાઓમાં ભરાઈ જશે.

### ગ્લોબલ લાઈટહાઉસ નેટવર્કમાં સ્થાન મેળવનારી વિશ્વની 16 સાઈટ્સમાં ઝઘડિયાનો સમાવેશ

**વડોદરા:** ભરૂચ જિલ્લાના ઝગડિયા ખાતે આવેલી DCM શ્રીરામ કેમિકલ્સ ઉત્પાદન સાઈટને વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) ના પ્રતિષ્ઠિત ગ્લોબલ લાઈટહાઉસ નેટવર્ક (GLN) દ્વારા ઉત્પાદકતામાં વિશિષ્ટતા માટે માન્યતા આપવામાં આવી છે. વર્ષ 2026 દરમિયાન વૈશ્વિક સ્તરે પસંદ કરાયેલી માત્ર 16 ઔદ્યોગિક સાઈટ્સમાં ઝગડિયાનો સમાવેશ થતાં ગુજરાત અને ભારત માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. ભારતની સૌથી મોટી કોસ્ટિક સોડા ઉત્પાદન સાઈટ તરીકે ઓળખાતી ઝગડિયા યુનિટે AI અને GenAI આધારિત 45 અદ્યતન ડિજિટલ સોલ્યુશન્સ અમલમાં મૂકીને કામગીરીમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. ઓપરેશનલ એક્સેલન્સ પ્રત્યેની કંપનીની લાંબા ગાળાની પ્રતિબદ્ધતાનું પરિણામ ગણાવ્યું હતું.

---

# ઝોઝ ગામે ટ્રાફિક પોલીસ દ્વારા મફત હેલ્મેટ વિતરણ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.23

માર્ગ સુરક્ષા અંતર્ગત તેમજ ટ્રાફિક જાગૃતિના ભાગરૂપે ઝોઝ ગામ ખાતે છોટાઉદેપુર જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા વિના મુલ્યે હેલ્મેટ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન દ્વિચક્રી વાહનચાલકોને હેલ્મેટ પહેરવાના મહત્વ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે છોટાઉદેપુર જિલ્લા ટ્રાફિક શાખાના પીએસઆઈ એ.ડી. ચૌહાણ તથા ટ્રાફિક પોલીસનો સંપૂર્ણ સ્ટાફ હાજર રહ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે માર્ગ અકસ્માતોમાં માથાની ગંભીર ઈજાઓથી બચવા માટે હેલ્મેટનો ઉપયોગ અનિવાર્ય છે અને દરેક વાહનચાલકે પોતાની તથા પરિવારની સુરક્ષા



માટે હેલ્મેટ પહેરીને જ વાહન ચલાવવું જોઈએ.

કાર્યક્રમ દરમિયાન અનેક વાહનચાલકોને હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ ટ્રાફિક નિયમોના પાલન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગ્રામજનોએ પણ આ અભિયાનને આવકારી ટ્રાફિક નિયમોનું પાલન કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

"હેલ્મેટ પહેરો - સુરક્ષિત રહો, પરિવારને સુરક્ષિત રાખો" ના સંદેશ સાથે કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# તણખલા શાળામાં રજીસ્ટર અને હાજર વિદ્યાર્થીઓની સંખ્યામાં તફાવત

**રજીસ્ટરમાં** 140, હાજર માત્ર 80! તણખલા શાળામાં હાજરીનો મુદ્દો ચર્ચામાં

(પ્રતિનિધિ) નસવાડી, તા.23

નસવાડી તાલુકાના તણખલા ખાતે પ્રવેશ મહોત્સવ ના કાર્યક્રમ માં ગાંધીનગરના આઈએફએસ અધિકારી ગંગાશરણ શિંગે પ્રાથમિક શાળા બાળકોની હાજરીને લઈને કરી ચિંતા ધોરણ સાત અને ધોરણ 8ના બાળકોની સંખ્યા રજીસ્ટર માં હતી તે સંખ્યા જોવા માટે અધિકારી એ ચાલુ ક્રાયક્રમ માં અલગ અલગ ધોરણ ના બાળકોને ઊભા કરીને સંખ્યા જોતા ધોરણ 7 અને ધોરણ 8 ના રજીસ્ટર સંખ્યા કરતા ઓછા બાળકો આવ્યા હોવાથી તેઓ શિક્ષણ ને ટકોર કરી અને પ્રવેશ મહોત્સવ ના કાર્યક્રમ માં જો સંખ્યા ઓછી હોય તો અન્ય દિવસોમાં કેવી પરિસ્થિતિ હસે ગાંધીનગર થી અધિકારી આવતા હોય ને આવી પરિસ્થિતિ હોય તો અન્ય દિવસોમાં કેવી પરિસ્થિતિ હસે તેના પર પણ સવાલ કરતા શાળા આચાર્ય ગિરીશ ભાઈ વણકર ના જણાવ્યા મુજબ ગામડામાંથી બાળકો ધોરણ 7 અને 8 માં અભ્યાસ માટે આવે છે ત્યારે વાલીઓ ને જાણ કરવા છતાંય બાળકો ઓછા આવ્યા છે અને બાળકોની સંખ્યા પૂર્તિ થાય તેવા પ્રયત્નો કરીશું. જ્યારે ધોરણ 7 ના વિદ્યાર્થીઓ 58 ની સામે માત્ર 35 અને ધોરણ 8 માં 82 જેટલી સંખ્યા માંથી માંડ 45 જેટલા બાળકો આવ્યા હતા જેને લઈને અધિકારી ચોકી ઉઠ્યા હતા.

# નસવાડી-બોડેલીના ખેડૂતો માટે જીવાદોરી સમાન કેનાલમાં બેદરકારી

(પ્રતિનિધિ) નસવાડી, તા.23

નસવાડી થી બોડેલી વચ્ચે આવેલ સાતબેડીયા ગામ પાસે કેનાલ રીપેરીંગના કામ કરવા માટે માંડવા બ્રાન્ચ કેનાલમાં પેરાફિટ તોડી કેનાલની અંદર વચ્ચો વચ્ચ ગ્રેવાલ નાખી પાણી રોકવામા આવ્યું. કેનાલ રિપેરિંગમાં બેદરકારી સાતબેડીયા પાસે ગ્રેવલ નાખી પાણી રોકતા ખેડૂતોની સિંચાઈ પર સંકટ ગ્રેવલ નાખવામાં માટે કેનાલની પેરાફિટ પણ તોડી પડાઈ.

હાલ વરસાદ ખેંચતા પાણી છોડવાની જરૂરિયાત પડે ત્યારે આ કેનાલમાં આવેલ ગ્રેવલના ઢગલાથી પાણી આગળ જઈ શકે તેવી સ્થિતિ આગામી દિવસોમાં સિંચાઈના પાણી માટે ખેડૂતને પડી શકે છે મુશ્કેલી. નસવાડી અને બોડેલી તાલુકાના ખેડૂતો માટે



જીવાદોરી સમાન એવી માંડવા બ્રાન્ચ કેનાલમાં, સાતબેડીયા ગામ પાસે, રિપેરિંગના કામ દરમિયાન ભારે બેદરકારી સામે આવી છે. માંડવા બ્રાન્ચ કેનાલના મુખ્ય ગેટમાં લીકેજ હોવાને કારણે પાણીનો બગાડ થઈ રહ્યો હતો આ સમસ્યાને ઉકેલવા માટે, કોન્ટ્રાક્ટરે ગેટના યોગ્ય રિપેરિંગની પ્રક્રિયા અપનાવવાને બદલે કેનાલની પેરાફિટ (બહારની દીવાલ) ને તોડી નાખી અને કેનાલની વચ્ચોવચ મોટા પ્રમાણમાં ગ્રેવલ (પથ્થર અને માટી) ભરી દીધેલ છે.

---

છોટાઉદેપુરમાં શ્રમ વિભાગની આકસ્મિક રેડ

# કાનાવાંટમાં બાળમજૂરી વિરુદ્ધ ટાસ્ક ફોર્સની રેડ, ૬ તરુણ શ્રમિક મળ્યા

**કોન્ટ્રાક્ટ** સંસ્થા સામે બાળ અને તરુણ શ્રમયોગી અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.23

છોટાઉદેપુર જિલ્લામાં બાળ શ્રમયોગી પ્રથાને નાબૂદ કરવાના માટે 'જિલ્લા ટાસ્ક ફોર્સ કમિટી'ની રચના કરવામાં આવેલ છે. આ કમિટી દ્વારા છોટાઉદેપુર તાલુકાના કાનાવાંટ ગામ ખાતે બાળમજૂરી કરાવતા એકમો પર આકસ્મિક ટાસ્ક ફોર્સ રેડ કરવામાં આવી હતી.

આ આકસ્મિક રેડ દરમિયાન કોન્ટ્રાક્ટ સંસ્થા 'નરુભાઈ



રતનભાઈ રાઠવા' દ્વારા બિન-જોખમી વ્યવસાય પ્રક્રિયામાં સામાન્ય જમીન પર સાફ-સફાઈનુ કામ કરતા ૬ તરુણ શ્રમિક મળી અવેલ છે. જેની ટાસ્કફોર્સ સમિતિના સભ્યો દ્વારા પ્રાથમિક પૂછપરછ દરમિયાન 'તરુણ શ્રમિક' હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવ્યું હતું.

આ બાબતને ધ્યાને લઈ કામે રાખનાર સંસ્થા અને શ્રમિકોના નિવેદનો મેળવીને 'બાળ અને તરુણ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ-૧૯૮૬' હેઠળ સંસ્થા વિરુદ્ધ નિયમોનુસાર આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આ સમગ્ર કામગીરીમાં મદદનીશ શ્રમ આયુક્તની કચેરી, છોટાઉદેપુર તરફથી સરકારી શ્રમ અધિકારી એ. ડી. સેંતા અને છોટાઉદેપુર ચાઈલ્ડ લાઈનમાંથી સુપરવાઈઝર એન. આર. રાઠવા તથા પોલીસ સ્ટેશન છોટાઉદેપુર તરફથી દિલિપજી પ્રેમજી જોડાયેલ હતા. અને નિયમોનુસાર સંસ્થા સામે કાયદેસરની સખત કાર્યવાહી કરવામાં આવેલ છે.જે મદદનીશ શ્રમ યુક્ત છોટાઉદેપુર દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

પ્રેરણા રેસિડન્સીના CCTVમાં કેદ થયા તસ્કરો; સુરક્ષા વધારવાની રહીશોની માંગ

# કરજણમાં માસ્કધારી ચોરોના બે નિષ્ફળ પ્રયાસ, રહીશોમાં ભયનો માહોલ

(પ્રતિનિધિ) કરજણ, તા.23

કરજણ, ગુજરાત - કરજણ-જીથરેડી રોડ પર આવેલી પ્રેરણા રેસિડન્સીમાં છેલ્લા પંદર દિવસમાં ચોરીના બે નિષ્ફળ પ્રયાસોએ સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ અને સુરક્ષા અંગેની ચિંતા જગાવી છે. માસ્ક પહેરેલા ચોરો સીસીટીવી કેમેરામાં કેદ થયા હોવા છતાં, તેમની ઓળખ હજુ સુધી થઈ શકી નથી, જેના કારણે પોલીસ દ્વારા તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રેરણા રેસિડન્સીમાં ચોરીના ઈરાદે ઘૂસેલા તસ્કરો બંને વખત તેમના મનસૂબામાં નિષ્ફળ રહ્યા હતા. આ ઘટનાઓ સોસાયટીમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં સ્પષ્ટપણે કેદ થઈ છે, જેમાં ચોરોની હિલચાલ અને સમગ્ર ઘટનાક્રમ જોવા મળે છે. આ ફૂટેજ કરજણ પોલીસને સોંપવામાં આવ્યા છે, અને પોલીસ આ ફૂટેજના આધારે ચોરોની ઓળખ મેળવવા માટે સઘન પ્રયાસો કરી રહી છે.

સતત બે વખત ચોરીના પ્રયાસો થવાથી પ્રેરણા રેસિડન્સીના રહીશોમાં સુરક્ષાને લઈને ગંભીર ચિંતાનો માહોલ સર્જાયો છે. આ ઘટનાઓએ તેમને પોતાની અને પોતાના પરિવારની સુરક્ષા અંગે વિચારવા મજબૂર કર્યા છે. રહીશો દ્વારા રાત્રિ પેટ્રોલિંગ વધારવા અને સોસાયટી તેમજ આસપાસના વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવવા માટે પોલીસ સમક્ષ માંગ ઉઠાવવામાં આવી છે. કરજણ પોલીસે આ મામલે ગંભીરતા દાખવી છે. તેઓ આસપાસના વિસ્તારના અન્ય સીસીટીવી ફૂટેજ પણ તપાસી રહ્યા છે, જેથી ચોરો કયા માર્ગે આવ્યા હતા અને કયા માર્ગે ફરાર થયા તેની માહિતી મળી શકે. આ ઉપરાંત, પોલીસે સંભવિત સંદિગ્ધોની શોધખોળ પણ શરૂ કરી છે.

આ ઘટના દર્શાવે છે કે શહેરી વિસ્તારોમાં પણ ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે અને ચોરો હવે વધુ હિંમતવાન બની રહ્યા છે. આવા સંજોગોમાં, નાગરિકોએ પણ પોતાની સુરક્ષા માટે સાવચેતી રાખવી અને પોલીસને સહકાર આપવો અત્યંત જરૂરી છે. પોલીસ અને સ્થાનિક રહીશોના સંયુક્ત પ્રયાસોથી જ આવા ગુનાખોરીના પ્રયાસોને અટકાવી શકાય છે અને સમાજમાં શાંતિ અને સુરક્ષાનું વાતાવરણ જાળવી શકાય છે.